
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



રાવણે પણ રામને પથ્થર ન'તા માર્યા..!

# રાધીમ બાયોટેક ફાર્માસ્યુટીકલના મેનેજરે રૂ.૧ કરોડનું ફુલેકુ ફેરવ્યું

### ૮ કંપનીઓ પાસેથી દવાના રો મટીરીયલની ખરીદી કરી આ મટીરીયલનો ઉપયોગ કર્યા વિના બારોબાર સગેવગે કરી દઈ છેતરપિંડી આચરતા ફરીયાદ

ગાંધીનગર,તા.૧

શહેરની સેકટર-૨૮ જીઆઈડીસી રાધીમ બાયોટેક ફાર્માસ્યુટીકલ કંપનીના માલિકનું નોકરી કરતા મેનેજરે રૂ.૧ કરોડ થી વધુનું ફુલેકુ ફેરવી દીધું છે. છેલ્લા બે વર્ષમાં વિવિધ ૮ કંપનીઓમાંથી દવા બનાવવાનું રો મટીરીયલ ખરીદી કરી હતી. જયારે રો મટીરીયલનો ઉપયોગ દવા બનાવવામાં નહી કરીને કયાંક સગવગે કરી દેવામાં આવતા કંપનીના માલિકે મેનેજર ભાવિન ગોરધન પટેલ સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

અમદાવાદ ઘાટલોડીયા નારેશ્વર ફલેટ એમ-૨૦૬ ખાતે પરીવાર સાથે રહેતા આશિષ વિનોદરાય ગજજર (ઉં.૪૫) રાધીમ બાયોટેક ફાર્માસ્યુટીકલ કંપની ધરાવે છે. તેઓની કંપની દવાની ગોળી, કેપ્સુલ બનાવવાનું તેમજ વેચવાનું કામ કરે છે. જયારે કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ઘાટલોડીયા અમદાવાદ ખાતે છે. જયારે દવાનું ઉત્પાદન યુનિટ પ્લોટ નં. ૪૧૫ સેકટર-૨૮ જીઆઈડીસી ગાંધીનગર ખાતે આવેલું છે.

જયારે આશિષ ગજજર વર્ષ ૨૦૧૪ થી આર.એચ. એન્ટરપ્રાઈઝ નામથી ગુજરાત સરકારના દવાઓના ટેન્ડરોના કમિશન એજન્ટ તરીકે કામ કરે છે. જેથી તેઓને દવા બનાવતી વિવિધ કંપનીમાં વિઝીટ માટે જતા હતા. તે સમયે વર્ષ ૨૦૧૮માં વટવા જીઆઈડીસી દવાઓ બનાવતી કંપનીની વીઝીટ દરમિયાન એક કંપનીમાં ભાવિન ગોરધન પટેલ સાથે મુલાકાત થઈ હતી. ત્યારબાદ અવાર-નવાર મુલાકાત થઈ હતી.જયારે ભાવિન પટેલ ફાર્માસ્યુટીકલ મેન્યુફેકચરીંગનો બહોળો અનુભવ ધરાવતા હતા. ભાવિન પટેલ જે દવા બનાવતી કંપનીમાં ફરજ બજાવતા હતા, તે કંપની નાણાકીય તકલીફોના લીધે બંધ થઈ ગઈ હતી. જેથી આશિષભાઈએ ભાવિન પટેલને જણાવ્યું કે મને ફાર્માસ્યુટીકલ મેન્યુફેકચરીંગનો અનુભવ ઓછો છે. પરંતુ તમે પાર્ટનર બનતા હોય તો આપણે નવી કંપની શરુ કરીએ.પરંતુ તેઓએ ભાગીદારીમાં કંપની ખોલવાની ના પાડી હતી. જયારે કંપનીના મેનેજર તરીકે કંપનીનો તમામ વહીવટ સંભાળવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ તેઓએ સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે પ્લોટ નં.૪૧૫ જગ્યા ભાડે લઈ રાધીમ બાયોટેક કંપની ઓકટોબર-૨૦૧૯ માં રજીસ્ટર્ડ કરાવી હતી.જયારે તા.૨૭-૧૨-૧૯ ના રોજ ભાવિન પટેલને મેનેજર તરીકે નિમણુંક આપી હતી. તેઓનો માસિક પગાર રૂ.૪૫,૦૦૦ નક્કી કર્યો હતો. ત્યારબાદ ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશનમાંથી લાયસન્સ લઈ સપ્ટેમ્બર-૨૦ માં ગાંધીનગર જીઆઈડીસી ખાતે દવાઓનું ઉત્પાદન શરુ કર્યુ હતું.જયારે કંપનીમાં ૩૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવતા હતા. જયારે આર.એચ. એન્ટરપ્રાઈઝના કામમાં વ્યસ્ત રહેતા હોવાથી તેઓએ કંપનીનું તમામ કામ ભાવિન પટેલને વિશ્વાસથી સોંપ્યું હતું. કંપનીમાં દવાઓ બનાવવાના ઓર્ડર મેળવવા, ઓર્ડર મુજબ દવાઓ ઉત્પાદન માટે રોમટીરીયલ ખરીદવાનું અને દવાઓનું ઉત્પાદન, પેકીંગ અને ભાવતાલ નક્કી કરી વેચાણ કરવા સહિતની જવાબદારી ભાવિન પટેલ સંભાળતા હતા. કંપનીના માલિકને મેનેજર પર વિશ્વાસ હોવાથી તે કહે તે મુજબ પર્સનલ કે કંપનીના બેંક એકાઉન્ટ દ્વારા રોમટીરીયલ રૂપીયા જે તે કંપનીને બીલ મુજબ ચુકવી આપતા હતા. જયારે કંપનીમાં રોમટીરીયલની અને દવાઓનું ઉત્પાદન તેમજ તેની ગુણવત્તાની ચકાસણી, બેચ નંબર, પેકીંગ અને વેચાણ સહિતની કામગીરી મેનેજર કરતા હતા. ગત તા.૯-૨-૨૨ ના રોજ શ્રી પરીખ ટ્રેડીંગ કંપનીમાંથી માલિક પર ઈમેલ આવ્યો હતો.જેમાં કંપની દ્વારા ખરીદી કરવામાં આવેલા રો મટીરીયલના રૂ.૫૪,૫૧,૫૯૯ લેવાના બાકી નીકળતા હોવાનું જણાવ્યું હતું. જેથી મેનેજર ભાવિન પટેલ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું કે શ્રી પરીખ ટ્રેડીંગમાંથી રો મટીરીયલ આવી ગયું છે અને ઉત્પાદનમાં છે તેમજ શ્રી પરીખ ટ્રેડીંગ સાથે વાત પણ કરી દીધી છે. ત્યારબાદ શ્રી પરીખ ટ્રેડીંગમાંથી ફોન કરીને પેમેન્ટ બાકી હોવાનું જણાવ્યું હતું. જેથી ભાવિન પટેલ સાથે વાત કરતા હજુ ઉત્પાદન ચાલુ હોવાનું કહેતા માલિકને શંકા જતા રૂબરૂ કંપની પર ગયા હતા.તેઓએ ત્યાં જઈ તપાસ કરતા શ્રી પરીખ ટ્રેડીંગના બીલોમાં જણાવ્યા મુજબનું કોઈ રો મટીરીયલ ઉત્પાદન માટે આવ્યું નથી. જયારે કોઈ ઉત્પાદન પણ થયુ ન હોવાનું જાણવા મળ્યું હતું. જયારે મેનેજરે શ્રી પરીખ, એસ.પી.ફાર્મા, આઈટેક એન્ટરપ્રાઈઝ, શાલીભદ્ર ઈન્ટરનેશનલ, આફરો વે ફાર્મા, અલ્બેરા ફાર્મા, હોપ ફાર્મા, રામશા હેલ્થકેર સહિતની કંપની પાસેથી દવાનું રો મટીરીયલની ખરીદી કરી તેનો ઉપયોગ નહી કરીને બારોબાર સગેવેગ કરી દઈ માલિકને રૂ.૧,૦૫,૮૯,૭૭૨ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા મેનેજર સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

### દવાના રો મટીરીયલની વિગત

કેફીન-૪૮૫ કિ.ગ્રા., પેરાસીટામોલ ૬,૧૧૦ કિ.ગ્રા., ફોલીક એસીડ ૩ કિ.ગ્રા., ડાયકલોફીનેક સોડીયમ ૭૮૧ કિ.ગ્રા., સીપ્રોફલોકસેસીન ૧,૬૫૦ કિ.ગ્રા., એજીથ્રોમાઈસીન ૨૫૦ કિ.ગ્રા., ડી.સી.પી.(ડાય કેલ્શીયમ ફોસ્ફેટ) ૪,૮૦૨ કિ.ગ્રા., સ્ટાર્ચ ૫,૧૧૭ કિ.ગ્રા., નો સમાવેશ થાય છે. જયારે આ તમામ રો મટીરીયલની કિ.૧,૦૫,૮૯,૭૭૨ થાય છે.

# છાલા ગોડાઉનમાંથી રૂ.૧.૬૮ લાખની તાનસેન ચોરી કરનાર ચાર ઝડપાયા

### પતરાના સ્ક્રુ ખોલી ગોડાઉનમાં જઈ ૮૪૦ પેકેટ ચોરી કર્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના છાલા સરકારી દવાખાના પાસે પાન મસાલાના ગોડાઉનમાંથી રૂ.૧.૬૮ લાખના તાનસેનના ૮૪૦ પેકેટની ચોરી થઈ હતી. ચોર શખ્સો છતના પતરાના સ્ક્રુ ખોલી ગોડાઉનમાં અંદર પ્રવેશ્યા હતા. ત્યારે ચોરી અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ વેપારીએ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ચોરી કરનાર છાલા ગામના ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે ચાર શખ્સોને પકડી પાડી ચોરીમાં ગયેલ તાનસેનના ૮૪૦ પેકેટ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા ખાતે રહેતા તુષારકુમાર ગાંધી મોટા ચિલોડા ખાતે તુષાર પ્રોવીઝનલ સ્ટોર્સ ચલાવે છે. તેઓ પાન-મસાલા,બીડી-ગુટખા હોલસેલ તેમજ રીટેઈલ વેપાર કરે છે. ગતરોજ તુષારના પિતા પ્રવિણચંદ્ર બેચરદાસ ગાંધીનો તેમના પર ફોન આવ્યો હતો અને જણાવ્યું કે છાલા ગામે આવેલા ગોડાઉનના છતના પતરાના સ્ક્રુ ખોલી કોઈ શખ્સોએ ગોડાઉનની અંદરથી તાનસેન પાન મસાલાના મીણીયાના બોરા નંગ-૮ માંથી તાનસેનના ૮૪૦ પેકેટ કિં.૧.૬૮ લાખની ચોરી થઈ હતી.





જયારે વેપારીની ફરીયાદને પગલે પોલીસે તપાસ કરતા છાલા ગામના ગોડાઉનમાંથી ચોરી કરનાર વિશાલ નરેશ લેઉવા, ધ્રુવ રતિલાલ મહેરીયા, રૂષી રતિલાલ મહેરીયા, સાહિત દિનેશ સોલંકીને પોલીસે પકડી પાડ્યા હતા. જયારે આ શખ્સો પાસેથી પોલીસે ચોરીમાં ગયેલ તાનસેનના ૮૪૦ પેકેટ પણ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્લાસ્ટીકમુક્ત ઝુંબેશ અવારનવાર ચલાવવામાં આવે છે પરંતુ તેનો અમલ થતો નથી. પ્લાસ્ટીકનો વપરાશ જાણે દિન પ્રતિદિન વધતો જ જાય છે. જ્યાં ત્યાં પ્લાસ્ટીકનો કચરો પડેલો જોવા મળી જાય છે. આ પ્લાસ્ટીકનો કચરો રખડતા ઢોરો ખાય છે જેના કારણે તેઓ બિમાર પડે છે. પ્લાસ્ટીકમુક્ત ઝુંબેશ માત્ર દેખાડા ખાતર હોય તેવુ લાગી રહ્યુ છે.

# મહુન્દ્રા ગામે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગે તાલીમવર્ગ યોજાયો

ગાંધીનગર, તા. ૧

મહુન્દ્રા ગામે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પ્રસાર અને પ્રચાર દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંતર્ગત માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામી અંગે ખેડૂતોને ઉપયોગી માહિતી આપી તી. પ્રગતિશીલ ખેડૂતો અને ભાઈ બહેનો હાજર રહ્યા હતા. ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત અને અન્ય આયામીનો ઉપયોગ તેમજ કેવી રીતે બનાવવું કેવી રીતે વાપરવુ અને તેનાથી થતા ફાયદા અંગે એટીએમ નટુભાઈ સુથરીયાએ સમજ આપી હતી. આ તાલીમમાં ગામના સરપંચ નરેન્દ્રસિંહ સોલંકી તલાટી અને ગ્રામ સેવક નૈતિક પ્રજાપતિ તથા ગામના ખેડૂતો હાજર રહ્યા હતા.



## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે બપોરે ગરમીના પ્રકોપ પછી સાંજના સમયે ઉકળાટભર્યો માહોલ છવાયો હતો.

● વિસનગરા નાગર સમાજ ગાંધીનગર દ્વારા ૫ મીએ હાટકેશ જયંતિની ઉજવણીનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગર જિલ્લાના અધિકારીઓની બદલીના પગલે આજે તેમણે તેમના હોદ્દાના ચાર્જ છોડ્યા હતા.

● ગાંધીનગર જિલ્લાના એ.આર.ટી.ઓ. બક્ષીની બદલી થઈ છે.

● ગાંધીનગરના માણસામાં એક શખ્સે સામાન્ય બાબતે એક યુવાનને જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.

● દહેગામના બલસારા પરિવારે આજે દિકરા નમ્રનો જન્મ મૂક-બધિર બાળકો વચ્ચે ઉજવ્યો હોવાની ઘટનાએ દહેગામમાં આનંદ પ્રસર્યો છે.

● દહેગામ પાસે ગમખ્વાર અકસ્માતમાં શિક્ષિકાના મોતને પગલે શૈક્ષણિક જગતમાં શોકનો માહોલ પ્રસરી જવા પામ્યો છે.

● સે. ૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલીમાં રામનવમી પર્વની ઉજવણી કરાઈ હતી.

● રાંદેસણ સ્થિત ઊર્જાનગર સોસાયટીમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધા રામનવમીના દિવસે યોજાઈ હતી.

● જાખોરા ગામે મહાકાળી માતાના પ્રાગટ્ય દિવસની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી.

● આગામી ૪ અને ૫ એપ્રિલે કમોસમી વરસાદની આગાહી લોકોમાં ચર્ચાનો મુદ્દો બની હતી.

● કડાદરા ગામના યુવકનું બાઈક સ્લીપ ખાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યુ છે.

● કડજોદરા પે સેન્ટર શાળામાં ધો. ૮માં ભણતા વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો હતો.

● પલિયડના જિલ્લા પંચાયતના સભ્ય અનિલભાઈ પટેલે તેમના વિસ્તારના વેડા, ગોવિંદપુરા, હિંમતપુરામાં ગટરો ઉભરાવવાની ફરિયાદો સ્વખર્ચે દૂર કરાવી છે.

● ગાંધીનગર શહેરમાં ઘ-રોડ પર વધતા જતા ટ્રાફિકના ભારણને હળવુ કરવું તંત્ર તાકીદે પગલાં ભરે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં નવા સચિવાલય ખાતે બાઈક પાર્ક કરવા જતા યુવકનો ગાડીચાલકે ટક્કર મારતાં અકસ્માત થયો હતો.

# સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીને સીઆઇડીસી વિશ્વકર્મા એવોર્ડ

### વિશ્વભરની જલ પ્રજાતિને સમાવતી એકવેટિક ગેલેરીને ૧૪મા CIDC વિશ્વકર્મા એવોર્ડ્સ - ૨૦૨૩માં શ્રેષ્ઠ બાંધકામ પ્રોજેક્ટની શ્રેણીમાં વિજેતા જાહેર કરાઇ

ગાંધીનગર, તા.૦૧

ગુજરાત સાયન્સ સિટીની "એક્વાટિક ગેલેરી" પ્રોજેક્ટે શ્રેષ્ઠ બાંધકામ પ્રોજેક્ટ્સ માટે કેટેગરી ઑફ અચીવમેન્ટ એવોર્ડ હેઠળ કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ (CIDC) દ્વારા સ્થાપિત ૧૪મો CIDC વિશ્વકર્મા એવોર્ડ ૨૦૨૩ જીત્યો હતો. ૧૪મા CIDC વિશ્વકર્મા એવોર્ડ્સ ૨૦૨૩ના વિજેતાઓની તાજેતરમાં જ જાહેરાત કરવામાં આવી છે અને જેમાં ગુજરાત સાયન્સ સિટીની એકવેટીક ગેલેરીના પ્રોજેકટને એવોર્ડ આપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રતિ વર્ષ માર્ચ માહિનામાં CIDC દ્વારા આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવે છે. CIDC એ બાંધકામ ઉધ્યોગ ક્ષેત્રે શ્રેષ્ઠ પરંપરાગત પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે અવિરતપણે કાર્યરત સંસ્થા છે. વાર્ષિક ઝ્રૈંડ્ઢઝ્ર વિશ્વકર્મા પુરસ્કારોમાં, વ્યક્તિઓ અને સંસ્થાઓના કાર્ય અને સિદ્ધિઓને બિરદાવવામાં આવે છે. CIDC દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અને SOPs અને ચોક્કસ કેટેગરી માટે નોમિની દ્વારા આપવામાં આવેલી માહિતીને આધારે અરજીઓ સૂચિબદ્ધ કરવામાં આવે છે. અરજીઓની ચકાસણી, જ્યુરી દ્વારા અહેવાલોની સમીક્ષા, મુલાકાતો અને સાઇટની મુલાકાતના આધારે વિજેતાઓ નક્કી કરવામાં આવે છે. આ અંતર્ગત ગુજરાત સાયન્સ સિટીની "એક્વાટિક ગેલેરી" પ્રોજેક્ટને શ્રેષ્ઠ બાંધકામ પ્રોજેક્ટ્સ માટે કેટેગરી ઑફ અચીવમેન્ટ એવોર્ડ હેઠળ કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ (CIDC) દ્વારા સ્થાપિત ૧૪મો CIDC વિશ્વકર્મા એવોર્ડ ૨૦૨૩ જાહેર કરવામાં આવ્યો છે. ૧૪મા CIDC વિશ્વકર્મા એવોર્ડ માટે પુરસ્કાર મેળવનારાઓની યાદી URL http://www.cidc.in/support/14thVishwakarma/List_of_Awardees.pdf પર www.cidc.in પર ઉપલબ્ધ કરાઈ છે.



ગુજરાત સરકારના વિજ્ઞાન અનેન પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી સમાજને વિજ્ઞાન અને ટેકનૉલોજી સાથે જોડવા સજ્જ છે. ગુજરાત સાયન્સ સિટીના વિવિધ વિશ્વ કક્ષાના પ્રકલ્પો તમામ રીતે શ્રેષ્ઠ છે. વિશ્વભરની જલ પ્રજાતિને સમાવતી એકવેટિક ગેલેરીનું નિર્માણ શ્રેષ્ઠતાના તમામ ધોરણોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. ગુજરાત સાયન્સ સિટીની તમામ પ્રકલ્પો ઉચ્ચતમ ગુણવત્તા સાથે વિજ્ઞાન અને ટેક્નોલોજીની અનુભૂતિનો અનુભવ પ્રદાન કરે છે.

# આલમપુર પેટ્રોલ પંપથી મોબાઈલ ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના આલમપુર ગામ પાસે સેલના પેટ્રોલપંપ ખાતેથી રૂ.૪૫ હજારનો મોબાઈલ ચોરી કરનાર શખ્સને ચિલોડા પોલીસે દબોચી લીધો છે. પોલીસે મોબાઈલ ફોન કબ્જે કરી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આલમપુર ગામ પાસે સેલના પેટ્રોલ પંપ ખાતેથી ગત તા.૨૫ માર્ચના રોજ રૂ.૪૫ હજારના મોબાઈલની ચોરી થઈ હતી. જેની ફરીયાદ ચિલોડા પોલીસ મથકે નોંધાતા પીઆઈ એ.એસ. અસારીએ સર્વેલન્સ સ્કવોડના કર્મચારીઓને ગુનો શોધી કાઢવા માટે સુચના અને માર્ગદર્શન આપ્યું હતું. જેથી પીએસઆઈ ડી.બી.ઝાલા અને સ્ટાફના જવાનોએ પેટ્રોલ પંપના સીસીટીવી ચેક કરતા એક શખ્સ મોબાઈલ ચોરી કરતા નજરે પડે છે. તે શખ્સ ટુ-વ્હીલર લઈને આવ્યો હોવાથી નંબરને પગલે ઈ-ગુજકોપમાં તપાસ કરી નામઠામ મેળવી વિરમગામના રૂઘનાથનો મહોલ્લો ખાતે રહેતા જયેશ કૌશિક ગાંધીને પકડી પાડ્યા હતા. પોલીસે શખ્સની પુછપરછ કરતા તેણે ગુનાની કબુલાત કરી હતી. જયારે ચોરીનો મોબાઈલ પણ શખ્સ પાસેથી મળી આવ્યો હતો. પોલીસે શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટીંટોડા પ્રા. શાળામાં ત્રિવેણી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગર તાલુકાના ટીંટોડા પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ ત્રિવેણી કાર્યક્રમ યોજાયો જેમાં આચાર્ય અનુબેનનો વિદાય સમારંભ અને નવા આચાર્ય અરુણભાઈનું સ્વાગત અને ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ આમ એક સાથે ત્રણ કાર્યક્રમને આવરી લેતાં ત્રિવેણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક મૂકેશભાઈ પટેલ, સમીબેન અને સ્ટાફગણ સહિત ગામના અગ્રણીઓ મુકેશભાઈ ઠાકોર, શૈલેન્દ્રસિંહ ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના સ્નાતક વિભાગના માઈક્રોબાયોલોજી અને બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા શુક્રવારે એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુંબઈના ભાભા ઓટોમિક રિસર્ચ સેન્ટરના મોલેક્યુલર બાયોલોજીના હેડ તથા ૫૨૦ના વિજ્ઞાની ડૉ.હરિ એલ. મિશ્રાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને "પ્લેઝર ફોર વર્કિંગ વિથ રેડીયો રેઝિસ્ટન્ટ ઓર્ગેનિઝમ ઈન ધ ન્યુક્લિયર એનર્જી ઈકો સિસ્ટમ" વિષયે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ૮૬ વિદ્યાર્થીઓ અને ૬ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા

# એનએમએમએસ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ગોલથરાની વિદ્યાર્થીની મેરિટમાં પ્રથમ

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૮ની એનએમએમએસ શિષ્યવૃત્તિ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં કલોલ તાલુકાની ગોલથરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની શિવાની સોમાજી ઠાકોરે કુલ ૧૮૦ ગુણમાંથી ૧૫૯ ગુણ મેળવી સમગ્ર ગાંધીનગર જિલ્લાનાં મેરીટ લિસ્ટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા ગામનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત શાળાનાં અન્ય બે વિદ્યાર્થીઓ કુ.શોભના તથા તનિશનો પણ મેરિટમાં સમાવેશ થયો છે. સમગ્ર જિલ્લામાંથી કુલ ૪૯૭૧ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મેરિટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ ધોરણ ૯થી ૧૨ના અભ્યાસ સુધી દર માસે રૂ.૧ હજારની શિષ્યવૃત્તિ મેળવશે. ગોલથરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની શિવાની ઠાકોરે તેની શાળા અને ગામનું નામ રોશન કર્યુ છે તે બદલ શાળા પરિવારે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

